## પત્રક – ૧

## રાજ્ય આયોજિત લોક સંવાદ સેતુ દરમ્યાન અરજદારો દ્વારા રજૂઆત તેમજ પગુવીકલી દ્વારા આપવામાં આવેલ પ્રત્યુત્તર ની વિગત

| | |
|---|---|
| લોક સંવાદ સેતુ તારીખ : | ૨૦.૦૫.૨૦૧૬ |
| સ્થળ : | પટેલ સમાજ વાડી,લાઠી રોડ લીલીયા |
| સમય : | ૧૦:૦૦ કલાકે |
| તાલુકાનું નામ : | લીલીયા |

**તા.૨૦.૫.૨૦૧૬ ના રોજ લીલીયા મૂકામે યોજાયેલ તાલુકા કક્ષાના લોક સંવાદ સેતુ ના પ્રશ્નો ની વિગતો:**

| અનુક્રમ | લોક દરબાર નો પ્રશ્ન ક્રમાંક | રજુઆતકર્તાનુ નામ અને સરનામુ | પ્રશ્ન/રજુઆતની વિગત | લોક દરબાર દરમ્યાન જવાબ/નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી (નિકાલ/પડતર/ નીતી વિષયક) | જો પડતર હોય તો નિકાલની અંદાજીત તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | શ્રી રાવતભાઈ નાજાભાઈ ગંભીર રહે સનાળીયા | સનાળીયા ગામે ખેતીવાડીમાં વીજ કનેક્શન લેવામાં વીજ જોડાણ માટે કરેલ અરજીમાં અરજદારને વારંવાર જવું પડે છે જેમાં જુદા જુદા પ્રકારના ડોક્યુમેન્ટ તેમજ લખાણ માગે છે તેથી અરજદારને મુશ્કેલી પડે છે. | ખેતીવાડી નવા વીજ જોડાણ માટે નિયમ મુજબ નિયત કરેલ એ-૧ ફોર્મ સાથે જમીનની માલિકીના પુરાવા માટે રેવન્યુ રેકર્ડ ૭/૧૨,૮અ,હક્કપત્રક ૬ નંબર અને પિયતના સાધન અંગેનો દાખલ નંબર ૧૬ મંગાવવામાં આવે છે.તેમજ આઈ.ડી.પ્રૂફ માટે ચુંટણી કાર્ડ,પાન કાર્ડ,ડ્રાઈવિંગ લાઇસન્સ,આધાર કાર્ડ પૈકી કોઈપણ એક પુરાવો માંગવામાં આવે છે. જે કિસ્સામાં માંગણી કર્યા બાદ અરજદારનું અવસાન થયેલ હોય કે ભાઈ ભાગે જમીનની વહેચણી થયેલ હોય ક અરજદારને અન્ય કોઈ સર્વે નંબર માં કનેક્શન સ્થળ ફેરફાર જોઈતું હોય તેવા કિસ્સામાં જરૂરી રેવન્યુ રેકર્ડ તેમજ સંમતી પત્રક માંગવામાં આવે છે. જે જમીનની માલિકીના આધાર પુરાવા માટે જરૂરી હોય તેવાજ ડોક્યુમેન્ટ માંગવામાં આવે છે. તેમજ અરજદારને જયારે નિયત ભાવ પત્રક પાઠવવામાં આવે છે.ત્યરે જરૂરી તમામ ડોક્યુમેન્ટ નું લીસ્ટ એકી સાથે નિયત ભાવ પત્રકમાં જ લખીને આપવામાં આવે છે. આમ વીજ કચેરી દ્વારા જરૂરી તમામ ડોક્યુમેન્ટ નું લીસ્ટ એક જ વખત આપવામાં આવે છે. જો અરજદાર લીસ્ટ મુજબના પૂરતા ડોક્યુમેન્ટ એકી સાથે લાવે તો તેમને વીજ કચેરીના ધક્કા ખાવા ન પડે.અરજદાર જ્યારે ડોક્યુમેન્ટની સમજ માટે વીજ કચેરી ની મુલાકાત લે છે ત્યરે પણ જરૂરી ડોક્યુમેન્ટ માટે વિસ્તાર પૂર્વક સમજણ આપવામાં આવે છે. તદ ઉપરાંત ગ્રાહકો/અરજદારોને વીજ કચેરીની તમામ પ્રકારની કાર્યવાહી ઓ અંગેનું માર્ગદર્શન સરળ તાથી મળી રહે તે માટે હેલ્પ ડેસ્ક (ગ્રાહક સુવિધા કેન્દ્ર) પણ વીજ કચેરી એ ઉપલબ્ધ છે. | કે.બી.પૉકિયા, નાયબ ઇજનેર , પીજોવીસીએલ , પેટા વીભાગીય કચેરી -લીલીયા મો: ૯૯૨૫૨૦૯૩૫૭ | લીલીયા | અમરેલી-૧ | અમરેલી | નિકાલ | | |
| ૨ | | શ્રી દિનેશભાઈ હરિભાઈ રાછ્ડીયા રહે લોકી | લોકી ગામે મીન બજારમાં ઈલે. પોલ નડતર રૂપ છે તે ફેરવવા બાબત | પ્રશ્ન ની વિગતે જણાવવાનું કે નડતર રૂપ વીજપોલ નું સર્વે કરી તારીખ:-૧૩-૦૫-૧૬ ના રોજ વીજ પોલ ફેરવી આપેલ છે તથા પ્રશ્ન નું સંતોષકારક નિવારણ કરી આપેલ છે. | કે.બી.પૉકિયા, નાયબ ઇજનેર , પીજોવીસીએલ , પેટા વીભાગીય કચેરી -લીલીયા મો: ૯૯૨૫૨૦૯૩૫૭ | લીલીયા | અમરેલી-૧ | અમરેલી | નિકાલ | | |
| ૩ | | શ્રી ગીતાબેન પવનભાઈ ખુમાંણ સરપંચ શ્રી ગુંદરણ ગ્રામ પંચાયત | ગુંદરણ ગામે ગ્રામ પંચાયતના લેમ્પ ઉડી જાય છે તેમજ ગામના વિજ ઉપકરણો ને નુકશાન થાય છે. | પ્રશ્ન ની વિગતે જણાવવાનું કે પ્રશ્નની રજૂઆત મુંજબ સર્વે કરી તારીખ:-૧૩-૦૫-૧૬ ના રોજ વીજ લાઈન નું સમારકામ કામ કરી આપેલ છે (૧)જેમાં ટ્રાન્સફોર્મર નું અર્થીંગ નવો કરી આપેલ છે.(૨)ઢીલા વાયર ખેચેલ છે.(૩)જંપર નવા કરી આપેલ છે. તેમજ ગ્રામ પંચાયતને ઉચ્ચ્ગુણવતા વાળા વધારે વોલ્ટેજ રેન્જ વાળા, આઈ.એસ.આઈ. માર્કા વાળા વીજ લેમ્પ તથા વીજ ઉપકારણો વાપરવાની ભલામણ કરવામાં આવેલ છે. | કે.બી.પૉકિયા, નાયબ ઇજનેર , પીજોવીસીએલ , પેટા વીભાગીય કચેરી -લીલીયા મો: ૯૯૨૫૨૦૯૩૫૭ | લીલીયા | અમરેલી-૧ | અમરેલી | નિકાલ | | |

## પત્રક – ૧

## રાજ્ય આયોજિત લોક સંવાદ સેતુ દરમ્યાન અરજદારો દ્વારા રજૂઆત તેમજ પગુવીકલી દ્વારા આપવામાં આવેલ પ્રત્યુત્તર ની વિગત

| | |
|---|---|
| લોક સંવાદ સેતુ તારીખ : | ૨૦.૦૫.૨૦૧૬ |
| સ્થળ : | પટેલ સમાજ વાડી,લાઠી રોડ લીલીયા |
| સમય : | ૧૦:૦૦ કલાકે |
| તાલુકાનું નામ : | લીલીયા |

**તા.૨૦.૫.૨૦૧૬ ના રોજ લીલીયા મૂકામે યોજાયેલ તાલુકા કક્ષાના લોક સંવાદ સેતુ ના પ્રશ્નો ની વિગતો:**

| અનુક્રમ | લોક દરબાર નો પ્રશ્ન ક્રમાંક | રજુઆતકર્તાનુ નામ અને સરનામુ | પ્રશ્ન/રજુઆતની વિગત | લોક દરબાર દરમ્યાન જવાબ/નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી (નિકાલ/પડતર/ નીતી વિષયક) | જો પડતર હોય તો નિકાલની અંદાજીત તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | શ્રી ધર્મેશભાઈ જે. દેસાઈ રહે.સલડી | સલડી ગામે ઘરના ઈલે. મીટરમાં પી.જી.વી.સી.એલ. દ્વારા કરવામાં આવેલ અર્થીંગ ની કામગીરી નિમ્ન કક્ષાની હોવા બાબત | પ્રશ્ન ની વિગતે જણાવવાનું કે અરજદાર શ્રી ધર્મેશભાઈ જે દેસાઈ દ્વારા સલડી ગામે ઘર વપરાશના વીજ જોડાણમાં અર્થ ટર્મિનલ કામગીરી નબળી હોવા અંગેનો પ્રશ્ન મળેલ છે. અગાઉ ટર્મિનલ અર્થીંગ નબળા હોવા બાબત ની તેઓના દ્વારા અરજી કરવામાં આવેલ જે અનુસંધાને ઉર્જા ખાતાના ઇલેક્ટ્રિક સબ ઇન્સ્પેકટરને સાથે રાખીને ટર્મિનલ અર્થીંગ ની ગુણવતાની ચકસણી કરવામાં આવેલ ઈલેક્ટ્રીસીટીના અર્થીંગ ના નિયમો પ્રમાણે આ અર્થીંગ રેજીસ્ટન્સ સામાન્ય રીતે ૨ ઓહ્મ કે તેથી ઓછો હોવો જોઈએ જે મુજબ ચકાસણી કરતા અર્થ રેજીસ્ટન્સ ધારા ધોરણ પ્રમાણે માલુમ પડેલ છે આમ ટર્મિનલ અર્થીંગ ની કામગીરી તાંત્રિક રીતે યોગ્ય રીતે કરવામાં આવેલ છે આમ ટર્મિનલ અર્થીંગ ની કામગીરી માં કોઈ નબળી ગુણવતા માલુમ પડેલ નથી | કે.બી.પોંકિયા, નાયબ ઇજનેર , પીજોવીસીએલ , પેટા વીભાગીય કચેરી -લીલીયા મો: ૯૯૨૫૨૦૯૩૫૭ | લીલીયા | અમરેલી-૧ | અમરેલી | નિકાલ | | |
| ૫ | | શ્રી જીવરાજભાઈ લાખાભાઈ પરમાર રહે.લીલીયા મોટા | લીલીયા ગામમાં આવેલ સાંઈનાથપરા વેલનાથપરા,હોસ્પિટલપરાને પીજીવીસીઅલ દ્વારા સીટી ફીડર માં સમાવેશ કરવા બાબત | પ્રશ્ન ની વિગતે જણાવવાનું કે સાંઈનાથપરા વેલનાથપરા,હોસ્પિટલપરા લીલીયા શહેર થી રેલ્વે ટ્રેક ક્રોસ કરીને પીપળવા રોડ પર આવેલ લીલીયા સીટી ફીદ્રનું રેલ્વે ક્રોસિંગ થયેલ ન હોવાથી તે વિસ્તારો ને ક્રાકંચ જેજીવાય ફીડરમાંથી વીજ પુરવઠો આપવામાં આવતો હતો. લીલીયા સીટી ના ઉપરોક્ત સાંઈનાથપરા અને હોસ્પિટલ જેવા અગત્યના વિસ્તારો ને સીટી ફીડર માંથી નવી વીજલાઈન લંબાવીને રેલ્વે ક્રોસિંગ કરીને વીજ પુરવઠો સીટી ફીડર માંથી અપવામાંટે પ્રોજેક્ટ નં ૭૭૯૦૧ તા. ૦૬-૦૧-૧૬ થી મંજૂરી મેળવી રેલ્વે ટ્રેકની બંને તરફ લાઈનકામ પુર્ણ કરવામાં આવેલ. રેલ્વે ટ્રેકને અન્ડરગ્રાઉન્ડ કેબલ થી ક્રોસ કરવા જરૂરી દરખાસ્ત વેસ્ટર્ન રેલ્વે ભાવનગરને તારીખ ૧૭-૦૩-૧૬ ના રોજ ઓનલાઈન અરજી ડબલ્યુઆર/બીવીપી/૨૦૧૫/૧૬૨ થી કરવામાં આવેલ તેમજ રેલ્વે ડીપાર્ટમેન્ટ દ્વારા જરૂરી તા. ૭.૪.૨૦૧૭ થી મંજૂરી મળતા તા. ૧૧.૫.૨૦૧૭ થી લીલીયા ગામમાં આવેલ સાંઈનાથપરા, વેલનાથપરા, હોસ્પિટલપરાને પીજીવીસીએલ દ્વારા સીટી ફીડર માં સમાવેશ કરવામાં આવેલ છે. | કે.બી.પોંકિયા, નાયબ ઇજનેર , પીજોવીસીએલ , પેટા વીભાગીય કચેરી -લીલીયા મો: ૯૯૨૫૨૦૯૩૫૭ | લીલીયા | અમરેલી-૧ | અમરેલી | નિકાલ | | |
| ૬ | | શ્રી મગનભાઈ એચ વિરાણી એક્સ ચેરમેન જીલ્લા પંચાયત અમરેલી મુ.લીલીયા | (૧) લીલીયા તાલુકામાં કુલ કેટલા ખેતીવાડી વીજ જોડાણો છે?<br>(૨) હાલ માં કેટલી માંગણી પડતર છે?<br>(૩) આ માંગણી વાળા ખેતીવાડી વીજ જોડાણો ક્યારે આપવાના છે? | (૧) હાલ ,લીલીયા તાલુકામાં કુલ ૨૨૪૬ વીજ જોડાણો છે<br>(૨) હાલ ખેતીવાડીની કુલ ૧૫૫૧ અરજી માર્ચ-૨૦૧૨ થી પેન્ડીંગ છે.<br>(૩) વર્ષ ૨૦૧૬-૧૭ માં લીલીયા માં ૧૫૦ ખેતી વાડી વીજ જોડાણો આપવાનો લક્ષ્યાંક છે દર વર્ષે વખતો વખત વાડી કચેરી દ્વારા લક્ષ્યાંકો આપવામાં આવે છે તે મુજબ બાકી રહેતા અરજદારો ને ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવશે. | કે.બી.પોંકિયા, નાયબ ઇજનેર , પીજોવીસીએલ , પેટા વીભાગીય કચેરી -લીલીયા મો: ૯૯૨૫૨૦૯૩૫૭ | લીલીયા | અમરેલી-૧ | અમરેલી | નિકાલ | | |

**પ્રગતિ અહેવાલની તા. ૭.૧૦.૨૦૧૬**

| તા. ૨૦/૦૫/૨૦૧૬ ના રોજ યોજાનાર લોક સંવાદ સેતુ પ્રશ્નો નો પ્રગતિ અહેવાલ | | |
|---|---|---|
| | રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૬ |
| | નિતિ વિષયક પ્રશ્નોની સંખ્યા | ૦ |
| | નિકાલ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૬ |
| | પડતર રહેલ પ્રશ્નોની સંખ્યા | ૦ |

અધિક્ષક ઈજનેરશ્રી,
પીજીવીસીએલ,
વર્તુળ કચેરી, અમરેલી